દેવતાઈ સ્વપ્નું

અથવા

ઐતિહાસિક ન્યાયરૂપ સંવાદ.

અંક પેહેલો.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર

“યક્ષ”

મુંબઇમધ્યે મશીદબંદર સ્ટેશનની સામે
ઍંગ્લો-જુઇશ એન્ડ વ્હરનાક્યુલર છા૦ છ૦

સંવત ૧૯૪૩
સન ૧૮૮૭

કિમ્મત ૦।। આનો

સટિક સૂચના.

અમારા એક મિત્ર તરફથી હમણાં છપાઇ પ્રસિદ્ધ થયેલી **"વિરસિંહ અને પ્રેમરાય"** એ નામની ચોપડી અમોને મળી છે. બનાવનાર પોતાનું નામ ગુપ્ત રાખી માત્ર પોતાનું વતન પ્રગટ રીતે દાખવે છે. રચનાર પોતેજ પોતાનો પ્રથમ પ્રયત્ન સૂચવે છે તેથી અમારે કાંઈ વધારે બોલવાનું નથીજ, તો પણ જ્યારે તે પોતેજ અમને બોલવાની એક રીતે ફરજ પાડેછે, ત્યારે અમે માત્ર તેને એક સૂચના દાખલ જણાવીએ છીએ કે એ ચોપડીમાં રહેલો આશય (વસ્તુ નિર્દેશ) જોકે સરસ છે તો પણ રચનાર યાતો હેબ-કર્યા કે અપૂર્ણ જ્ઞાનથી ધારેલું લખી શક્યો નથી. તે પોતેજ એ ચોપડીને છેલ્લે પાને ચાર સવાલોનો ખુલાસો માગેછે તો અમે અમારી શક્તિ મુજબ કહીએ છીએ કે,—

૧—એ ચોપડીની કવિતા આશય સમાવવામાં ઠીક પણ જોડવામાં તેમ શબ્દ ગોઠવવામાં બહૂજ અધૂરી.

૨— આનો જવાબ પેહેલાજ સવાલના જવાબમાં સમાયલો છે.

૩—સંપૂર્ણ અભ્યાસ થતાં સુધી માહાવરો રાખવામાં કાંઇ ખોટું નથી પણ પ્રગટ કરવામાં નાદાનપણું ગણાયછે.

૪—વીરરસની કવિતા જો માત્રા મેળ છંદમાં સંપૂર્ણ મેહેનતમાં આવે તો સારી થવાનો સંભવ ખરો.

સહી '

દેવતાઈ સ્વપ્નું.

— એક સમે સાંજનો રળીયામણો વખત જોઇ મન તેમજ તનનાં અનેક દુખોને વિસરાવવા તેમજ ઘણી મુદતની મોટી જાગૃતીને વિશ્રામ આપવાને માટે મેં નિશ્ચય કર્યો. મારો એવો ધારો હતો કે ઇચ્છામાં આવે તેટલી મુદત બીલકુલ ઉંઘ ન લેતાં કામકાજમાં મસ્ત રેહેવું; પણ તે મુદત પૂરી થતાંજ તેટલીજ બીજી મુદત સુધી આ દુનીઆની દરેક જંજાળો દૂર મૂકીને મોટી જબર ઉંઘ ખેંચવી. આવા વખતમાં કોઈપણ વખતે કશી પણ રીતે જાગૃતીનાં કાંઈ પણ કામ ન કરવાં, તેમજ ખાવું, પીવું તથા હાજત વગેરે તમામથી પરહેજ રેહેવું; પછી મને દુનીઆ કુંભકરણ ગણો કે મુચકુંદ. માત્ર ફેર મારી ઉંઘમાં અને તેઓની રીતમાં એટલોજ કે તેઓ પોતાની ઉંઘણ હાલતમાં કાંઇ પણ કામ કરી શકતા નહોતા. પરંતુ મારાથી જો ઇચ્છામાં આવેતો સર્વ કાંઇ બની શકતું હતું. ઘણી મુદતથી ચડેલો થાક ઉતારવા માટે એક વાર ઉંઘવાનો નિશ્ચય થયો કે તુરતજ આપણે તો જંગલનો રસ્તો પકડયો. વિંધ્યાચળ જેવા પર્વતની એકાદ ઉંચી અને જીવતી ટેકરી પાસે જઇ તેની આસપાસની રમણીય રચના જે કુદરતે પોતાની ચમત્કારીક કારીગરીથી બનાવી પાથરેલી હતી; તે નિહાળતાં છેક ટોચે પહોંચ્યો તે વખતે લગભગ સૂર્ય દેવે પોતાનો પ્રકાશ સંપૂર્ણ રીતે ખેંચી લીધેલો હતો. ચોતરફ અંધકાર પોતાની કાળી કામળી બીછાવી ચૂકયો હતો. આસપાસ આકાશ તરફ જોતાં તમામ અંધકાર સિવાય કાંઇ પણ નજરે પડતું નહોતું. અમાસની રાત્રી હોવાથી ચંદ્રતો જાણેકે પોતાનો પેહેરો ભરવાથી [illegible]

કામના થાકથી વિસામો લેવા પધાર્યા હોય તેમ હતું; પરંતુ અષાઢ માસની અમાસ હોવાથી અંધકારે પોતાનું જોર વરસાદના અંધકાર જોડે મેળવી એટલું તો વધારી મૂકયું હતું કે આકાશની અંદરનો એક પણ તારો દુનીઆની નજરથી દૂર રાખવાનુંજ ધાર્યું હોય એમ ભાસતું હતું. પોતાના ભયંકર જોર સામે બીજો એવો કોણ સત્તાધારી છેકે પોતાના કામમાં અડચણ કરે, એવું જાણવાને વીરરસ ભરેલા જુસ્સાવાળા પોકારો મારવા માંડયા; પણ તેવાજ પડઘાઓ જયારે પર્વતોની ખીણમાંથી સામા પડવા માંડયા; તેમજ ખીણોમાં વસતા સિંહ વ્યાઘ્રાદિકોએ પણ જયારે સામો જવાબ વાળી ખાતરી કરી આપી કે 'તારા સરખા અહીં પણ છે; ત્યારે આ શૂરવીરની આંખમાં વીરરસનો ખરો જોસ્સો ચમકયો. તરતજ મોટો જંગી પોકાર કરી પોતાની ચકચકીત તરવાર મ્યાન માંથી ખેંચી. આ જોતાંજ સામો પડઘો પાડનાર પ્રાણીઓના હાંજા ગગડયા, પણ પોતાનો જોસ્સો ઉશ્કેરાયાથી આ શૂરવીરે હવે સંખ્યાબંધ તીરોનો વરસાદ વરસાવા માંડયો. એ તીરોનો માર વિનાપરાધે ખાતા ખાતા આપણે તો હવે આપણા કામમાં મશગુલ થયા. અખંડ ધારાએ પડતા તીરોના વરસાદની કે ચમકારા કરતી ચપળા તરવારની અથવાતો ઘોર ભયંકર શબ્દની દરકાર ન કરતાં નિદ્રા દેવીને શરણે થયા. કુદરત પોતાનું કામ પોતાના પૂર વેગમાં ચલાવતી હતી તો પણ આપણી નિદ્રાનો એક પણ વાળ વાંકો ન થતાં ઉલટું વધારે ગતીથી ઉંઘવા માંડયું.

નિદ્રાનો પૂર વેગ થતાંજ એક સ્વપ્નું આવતું હોય એવો ભાસ થવા લાગ્યો. જરાવારમાં જાણે આપણને સ્વર્ગ તરફ કોઇ ઉપાડી લઈ જતું હોય એમ માલમ પડયું. કેટલીક ઘડી સુધી રસ્તામાં અવરાયા બાદ [illegible] નજરે પડયો. ઉપાડી જનાર શ-

બસ મને ખાંધપર લઇને એ મેહેલમાં પેઠો અને મેહેલના વચલા ચોકમાં કે જ્યાં લગભગ સોથી વધારે માણસો જુદી જુદી બેઠકપર બેઠેલા હતા ત્યાં લઇ જઇને એક ખાલી બેઠકપર મને બેસાડી બીજી બાજુની બેઠકપર તે બેઠો. મારા મનમાં જોકે આ માણસો વિશે તરેહવાર સવાલો આવતા; પણ સમાધાન થાય એવું કાંઇ બન્યું નહીં. મારા સાથી પાસેથી ખુલાસો માગવા હું કાંઇ બોલ્યો પણ તેતો તરતજ પોતાના નાકપર આંગળી મૂકી મારી સામે ડોળા ઘૂરકી નીચે મુજબ બોલ્યો.

“ચૂપ રેહે, તદન ચૂપ. શું તું નથી જાણતો કે અહીં કોઇપણ માણસને બોલવાનો હુકમ નથી. યાદ રાખ, એક શબ્દ પણ જો તારા મોંમાંથી બહાર પડશે તો તરતજ તારૂં અને મારૂં બન્નેનું આવી બનશે. નથી તને અહીં બોલવા માટે હું લાવ્યો; પણ માત્ર અહીં જે કામ થશે તે તારે ધ્યાનમાં રાખવા જોગ હોવાથી તને સાંભળવા લાવ્યો છું.” આવું સાંભળીને આપણે તો મુંગા મંતર બની ગયા અને જાણે કોઈ ચીતારાએ ચિત્ર પાડયું હોય એમ બની ગયા; તોપણ આંખેતો પોતાની આતુરતા પૂરી કરવા સારૂ બારીકીથી ચોતરફ તીક્ષણ નજરથી જોવા માંડયું. બારીકીથી તપાસ કરતાં તો તેમાં કેટલાક ઓળખીતાઓ નજરે પડયા અને જેઓ ન ઓળખાયા તેઓ માટે પણ અટકળ કરવાનું સેહેલ થઇ પડયું. આ સભામાં પોણા કરતાં વધારે ભાગ હિંદુસ્તાનના વતનીઓનો હતો અને તેપણ સાધારણ માણસો નહીં હતા પરંતુ તેઓના પોશાક ઉપરથી તેઓ નાના મોટા રાજાઓ હોય એમ જણાતું હતું. બાકીનો ભાગ જોકે ચોકસ ઓળખાતો નહીં હતો તોપણ અનુમાનથી જોતાં તેમાં ઘણા યુરોપવાસીઓ માલમ

૫ પડયા. આવાં રાજદરબારી બાદશા[illegible]

બીરાજેલા હતા પણ કોઇ પીછાનવાળો નહોવાથી વાત પૂછવાની ઇંતેજારી તૃપ્ત થાય એમ દેખાયું નહી. વધારે બારીકાથી તપાસવાનું કામ હવે આંખોએ કરવું એવો મન રાજાનો હુકમ થતાંજ જરા વારમાં તો આંખોએ જાહેર કર્યું કે તેવા ગૃહસ્થો લગભગ દસેક છે.

"આહા! ખરેખર ત્યારે તો રાજ્ય મેળાવડાની મતલબ કાંઇ સારાંજ પરિણામો ઉપર હોવી જોઇએ." મન રાજાએ પોતાની કલ્પનાની નજર દોડાવી. "શું આ હું જાગું છું કે આતે ખરેજ સ્વપ્ન? શું દુનીઆમાંથી મરી ગયેલા નરો પણ અહીંયાં જીવતાઓ હોય તેવાજ? નહીં બેશક આંખ ભુલ કરેછે." આટલું વિચારી મન રાજા હજી તો આંખને સતેજ કરવાનો હાથને હુકમ કરવાની તૈયારીમાં છે તેટલામાં મારો સાથી મારો હાથ પકડી બહાર લઇ ચાલ્યો. બહાર જતાંજ ડોળા ઘુરકીને બરાડ પાડી ઉઠ્યો.

"કેમ વળી શું ગુપચૂપ બડ બડ કરેછે; તું નહીંજ મુગો રહે. ખરે મેં મોટી ભૂલ કરી કે તારા જેવા અધીરાને મારા સોબતી દાખલ કબુલ કીધો. બોલ તારે શું પૂછવું છે? પૂછ હમણાંજ અહીં-આંજ તને બધો ખુલાસો કરૂં છું પણ ધ્યાન રાખ, જો ખબરદાર પછી ફરીથી ત્યાં ગયા બાદ કાંઇ બોલશે તો તને પાસેના અંધારા ઓરડામાં પૂરીને હું એકલો જોવા ચાલ્યો જઇશ."

"માફ કર, મારા કૃપાળુ મિત્ર મારાથી આતુરતા ન દબાઇ તે માટે; પણ માત્ર એટલુંજ જણાવ કે અહીં કેટલાક નરો કે જે પૃથ્વી પરથી મરી ગયેલા છે છતાં તેથી પણ વધારે સરસ કાંતિથી બીરા-જેલા છે તે શા કારણથી અથવા શું મારી આંખો ભુલાવો ખાયછે?"

"નહીં મિત્ર" મારો હાથ હવે મમતાથી પકડી તેણે નરમા-શથી કહ્યું. "તારી આંખોતો નક્કી ભુલાવો નથીજ ખાતી. તારી ક-[illegible] જલ નર્મદાશંકર, નવરોજજી, અને

કરશનદાસ વગેરેને લગતો છે! તો સાંભળ. આ સભાસ્થળ સ્વામી કાર્તિકનું છે, અહીં આર્યાવર્ત્તના એવા નરોને બીરાજવાનો હકછે કે જેની પછવાડે સેંકડો હજારોના જીવ લટકેલા રેહેતા હોય. જેમ આ તમામ દેશી રાજાઓ પછવાડે તેની રૈયતનાં કે તાબાનાં હજારો માણસોના જીવ લટકેલા રેહેછે; તેમજ આ દેખીતા જમીનદાર તરીકે રાજા નહીં ગણાતા તથાપિ દુનીઆની દષ્ટીથી નાશ પામેલા છતાં કીર્તિને આધારે જીવતા રહેલા નરોની પછવાડે પણ સેંકડો માણસો મરવાને તૈયાર રહેલાં; તેથી તેઓને પણ આ મળેલા રાજ્ય મંડળમાં બીરાજવાનો હક છે. એ સિવાયના કેટલાક જીવતા પણ છે કે જેઓ જમીનદાર તરીકે તો નથી પણ હજારોના જીવ બચાવવાનેજ જેણે જીવ અર્પણ કરેલો છે એવા નરોને પણ અહીં બીરાજવાનો હક છે. હવે કેહેવાનું એટલુંજ બાકી રહેલું છે કે આજે અહીં જે કામ થવાનું છે, તે હાલમાં ભરતખંડની સ્થિતિ ઉપર વિચાર કરી ન્યાય તોળવાનો છે; અને ન્યાયાસનપર દેવતાઓના સેનાપતી કાર્ત્તિક સ્વામી બીરાજવાના છે; પણ મિત્ર હવે ન્યાયાધિશને પધારવાનો સમય થયો છે માટે ચાલો."

આમ કહીને તેણે મારો હાથ પકડીને ચાલવા માંડયું; પાછા અમે અમારી જગ્યાપર ગુપચૂપ જઇને બેઠા. જરાવાર આમ તેમ જોતો વિચાર કરૂં છું એટલામાંતો સામી બાજુપરનો દરવાજો ઉઘડયો અને તેમાંથી ચાર છડીદારો વચ્ચે સ્વામી કાર્ત્તિક પધાર્યા. જેનો ભયંકર અજબુત બાંધો, રાજ્યવંશી લશ્કરી પોશાક, એ સઘળું જોઇ બેઠેલું મંડળ આશ્ચર્યતાના વમળમાં ગોથાં ખાવા લાગ્યું. તમામ હિંદુ રાજાઓએ ઉભા થઇને નમન કર્યું. આ રાજાઓ સાથે આ દેશના વતની એવા મુસલમાનો, પારસીઓ, અને બીજાઓના કાજીઓ અને ધર્મગુરૂઓ પણ માનને ખાતર ઉભા થયા; એનું જોઇને બાકી રહેલાઓ પણ [illegible]

સર્વે કોઇએ પાછી પોતાની જગ્યા લીધી અને સભામાં પાછું સૌ ચુપચાપ થયું. એ જોઇને સ્વામી કાર્તિકે ચોતરફ નજર ફેરવીને એક છડીદાર સામે જોયું અને આજ્ઞા કરી કે "આજે જે કામ કરવાનું છે તે સૌને વિદીત કરો." એવી આજ્ઞા થતાંજ શીર નમાવી સભાજનો તરફ જોઇ નીચે પ્રમાણે બોલવા લાગ્યો.

"આર્યાવર્ત્ત દેશના દેશી રાજાઓ અને પ્રજાના હિતેચ્છુ જનો આજે તમો સર્વને અહીં બોલાવવામાં જે કારણો પ્રબળ છે તે ધ્યાન આપી સાંભળવાને મહારાજાધિરાજ સેનાપતીની તરફથી જણાવી વિદીત કરૂં છું."

"હાલ કેટલાંક વર્ષોથી તમારા દેશની સ્થિતિ ઉત્તરોત્તર શોકજનક થતી જોઇને અહીં દેવતાઓનાં અંતઃકરણ દાઝેછે, અને તેનો વિચાર કરતાં સ્પષ્ટ સમજાયછે કે એ વિષયમાં મોટી ભૂલ દેશી રાજાઓની અને તેના કારભારી મંડળની તેમજ પ્રજાની પણ છે. હવે જે જણાવવાનું છે તે એટલુંજ કે તે કોની ને કેટલી છે, તેથી કેવાં કેવાં માઠાં પરીણામો થયાં છે ને થશે અને હવે તેનો શો ઉપાયો કરવાથી રસ્તો થાય એ સર્વે દીર્ઘદૃષ્ટીથી દાખવવાનું છે. એકપક્ષનું સાંભળવાથી ખરો ન્યાય થયો ન ગણાય; માટે અહીં રાજાઓનાં તેમજ પ્રજાના પણ મુખ્ય પ્રતિનીધીઓને એકત્ર કરેલા છે. અહીં જાતિની કે ધર્મની કાંઇ અગત્ય ન વિચારતાં, સર્વ ધર્મનું મૂળ ઇશ્વર છે એમ ગણી સૌને સમાન સમજી કામ ચલાવવામાં આવશે; માત્ર એટલુંજ કે સત્ય ન્યાય તોળવો જોઇએ. જો કે આ સભા મંડળ મેળવવાનો કાંઇ અગત્ય તો ન હોતી છતાં જેમ રાજ્ય દરબારમાં પ્રજાની તરફથી જ્યારે અરજીઓ થાય ત્યારે ન્યાયાધિશને ઘટિત છે કે અરજીઓનો વિચાર કરીને ન્યાય રીતિએ અપરાધીને દંડ દેવો તેમજ હાલમાં આર્યાવર્ત્તમાં ચક્રવર્તિ

ગણાતા ઇંગ્રેજોપર કરડી ફરિયાદો અનેક પ્રજાજન તેમજ રાજાઓ તરફથી મહારાજ સેનાપતિની હજુરમાં આવવા લાગીછે ત્યારે હવે વિચાર કરવોજ જોઇએ, વળી જેમ અહીં અરજી કરનાર ધણીઓને બોલાવવામાં આવ્યા છે તેમ પ્રતિવાદી કે જેઓની નઠારી વર્ત્તણુંકને માટે ફરીઆદો થએલી છે તેઓમાંના મુખ્ય પુરૂષો પણ હાજર છે માટે હવે જેને જે ફરીયાદ કરવાની છે તે તેણે રજુ કરવી.

આટલું કહી બોલનાર ચૂપ થયો કે તુરતજ સર્વે કોઇએક બીજા સામું ટીકવા લાગ્યા; સૌ આતુરતાથી કોણ પ્રથમ ઉભું થાયછે અને શું બોલે છે તે જોવાને પોતાની આંખો આમ તેમ ફેરવવા લાગ્યા એટલામાં એક જમાનાનો ખાધેલો હોય તેમ અવસ્થાએ ઘણોજ વૃદ્ધ છતાં કદાવર મજબુત બાંધાના શરીરવાળો નર ઉભો થયો. પ્રથમ ન્યાયાધીશને નમન કરી બોંખારો મારી અદ્દભૂત જંગી સ્વર ખેંચી બોલવા લાગ્યો.

" ન્યાયાધિશ મહારાજ અને સભ્ય જનો મારે જે બોલવાનું છે તે ખરેખર જોકે સંપૂર્ણ વૃતાંત તો નહીંજ હોય તો પણ અહીં મળેલા બીજા મારા દેશી બંધુઓની સાક્ષીથી અને પૂરવારીથી સિદ્ધ કરવાનું કાંઈ અઘરૂં નહીં પડે. મારો બોલવાનો વિષય ચાલતા સમયમાં પૂરા વેગથી ચાલેલા મહોત્સવની ધામધૂમને લગતો છે. પેહેલાંજ મને મારા સ્વદેશી બંધુઓ તરફ પૂરો ધિક્કાર એ છુટેછે કે ગયા માઘ માસમાં થયેલી મોટી ધામધૂમ મોટા હર્ષથી કરવામાં આવી હતી, તેમજ હાલમાં થોડા સમયથી અહીંના દેશી રાજાઓ શા માટે પોતાનાં રાજ્યો છોડી પોતાની સંતતીરૂપ પ્રજાનું પાળણ કરવું તજી, કઇ કન્યાના સ્વયંવરમાં અથવા કયા મોટા અશ્વમેધ કે રાજસૂય યજ્ઞન ....ે પરદેશવાસી થયા

છે? શા માટે પોતાનાં કર્તવ્ય કર્મોનો ત્યાગ કરી અકર્તવ્ય કર્મમાં, વિત્ત, સમય, અને શરીરનું તેજ વ્યતિત કરેછે. આર્યાવર્ત્તથી ગએલા દેશી રાજાઓમાંનો એવો એક પણ અહીંઆં છે કે જે ઈગ્લાંડમાં જવાનું નિઃસંદેહ પ્રબળ કારણ દાખવવાને તત્પર હોય? શું એ સિદ્ધ નથી કે તેઓમાંના કોઇકજ શુદ્ધ સમજણથી ગયા હોય? પરદેશ જવા આવવામાં, ત્યાંની નવી નવી ચીજો ખરીદ કરવામાં, તેમજ ઇનામો, ભેટ વગેરેમાં ખરચાએલી રકમ શું રૈયતની મીલકત ન ગણાય, કે પ્રજાને પુછ્યા વિના મરજીમાં આવે તેમ,—અરે! તે પણ તેઓને બાજીગરના પૂતળાંની પેઠે રમાડનાર, ઇંગ્રેજ એજંટોની મરજી માફક—વાપરવાને કયા ધારાથી વાજબી હકછે. એવી રીતે નકામું પરદેશમાં નાખેલું નાણું તેઓને આગળ ઉપર શા કામમાં આવશે. શું તેઓ એક પણ એવો દાખલો પોતાની આખી ઉમ્મર સુધીનાં કરેલાં કામોમાંથી બતાવી શકશે, કે પોતાની પ્રજાના ખરા ઉપયોગ સારૂ એવી રકમનો દસમો ભાગ પણ જેમાં ખરચ કર્યો હોય. પ્રજાને લૂટીને એકઠા કરેલા ધનના સંચયને પરદેશીઓનાં પાતાળ સરખાં પેટ પૂરવામાં ઉંધો વાળવો એ શું તેઓની રાજાઓ તરીકેની ખરી લાગણી અને ફરજ કે? એજ ફરજ બજાવવાને માટે પ્રજાના પિતા તરીકે તેઓ નેમાયલા છે કે? મને નથી સમજાતું કે ઇશ્વરના નિષ્પક્ષપાત ન્યાયાસન સામે તેઓ શું જવાબ દેશે."

આટલું બોલી જરાવાર અટકી વળી કાંઇ તે બોલવા જતો હતો, તેટલામાં એક બાજુથી એક બીજો વૃધ્ધ જેના વાળ પાકી ગયેલા હતા, જેનાં વસ્ત્ર તમામ શ્વેત હોવાથી ધોળા વાળ ધોળાં કપડાંથી એક હંસ જેવો દેખાવ આપતો હતો; તેમજ તેના દેખાવ ઉપરથી તે એક દક્ષિણ વાસી [illegible] એમ જણાતું હતું. તેણે એ

. 'જરા મારૂં સાંભળો પછી તમારૂં ફોગટનું પીંજણુ
ા કરો' એમ અવાજ ર્યો. આ સાંભળી આગળનો
રતાથી આ નવા બોલનોર તરફ જોવા લાગ્યો. સૌ
પણ પોતાની આંખો તેની તરફ રાખી ચુપાચુપ સાંભ-

ળ એ દેખીતા વૃધ્ધ પણ અનુભવ જ્ઞાનમાં બાળ સમાન
! શું તું નથી જાણતો કે હાલમાં હિંદુસ્તાનમાં આગળ કોઇ
ેલું અથવા અનુમાનની દૃષ્ટીથી પણ દૂર એવું ચક્રવર્તિ
ા છે, તે રાજ્ય ચલાવનારને રાજ્યાસનપર આવવાને અર્ધ
શું થોડી આનંદની વાત છે કે હર્ષથી પ્રજા મહોત્સવ
પાળે એમાં તને નવાઇ લાગેછે. બેશક નવાઇ જેવું
વાઓને પણ લાગત, જો આ રાજ્ય સત્ય અને નિષ્પક્ષ-
યાય આપનાર નહોઇને મુસલમાની અને મોગલાઇમાંના કેટ-
અવિચારી બાદશાહોના જેવી આપખુદ સત્તા ચલાવનારૂં
ાવા ધર્મના ઝનુની જંઘી સખાન તૈમૂરની ચાલને અનુસરતુ
તો. ત્યારે હવે મને જવાબ આપશે કે આવો વાજબી અને
મદ અમલ જેમાંથી મળે છે તેવા રાજ્ય તરફ વફાદાર રેહેવું એ
જાનો ધર્મ છે કે નહીં? તો જેમ અહીંની તમામ વસ્તી એ રાજ્ય-
ી પ્રજાછે તેમજ અહીંના તમામ દેશી રાજાઓ પણ ખરા, તો
આવે સમયે પોતાનું ખરૂં વફાદારપણું દાખવવાને તેઓ
ઇંગ્લાંડમાં ગયા તેમાં તારા પેટમાં કેમ કુરકુરીઆં બોલેછે. ક-
હેતો ખરો કે એમાં તારા બાપનો કયો લાડવો લૂટાઇ ગયો વા તારી
આંખમાં કેમ રાઇને મરચાં પડયાં કે તું આ ટલા લાંબી લાંબી ફો
લવરી કરી નકામી દીલગીરી ... ોલ હવે કાંઈ
જવાબ હોય તો આવ આ

સૂચના.

આ "દેવતાઈ સ્વપ્નું" એ એક ઐતિહા સંવાદરૂપે ઉત્તરોત્તર પોતાની બાલ્યાવસ્થાને લીધે નાના અંકો રૂપે પ્રગટ થયા કરશે. હાલ જોકે નવોજ દેખા ..ક્કી નથી દર્શાવી શકાતું કે તે અમુક મુદતે પોતાનો દેખ પણ એની સાથે રમત કરનાર જેમ વધશે તેમ રમતોને પ્રૌઢતાના આકારમાં દર્શાવવાને વિલંબ લ અમે પ્રથમથીજ સૂચીપત્રો કહાડી બીજાઓની માર. ગર્ભવતિ સ્રીને સિમંત કરી દુનીઆને પ્રગટ કરેછે કે આને પેદા થશે તેમ કરવાનું વાજબી ન ધારતાં એકદમજ આ ર બાળક દુનિયાને રમાડવાને રજુ કર્યું છે તે જેને પ્રિય લા તે રમાડશે અથવા [illegible] નહીં રમાડે તો બાળકને તેની દર ઓછીજછે.

સહી "યક્ષ"